જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૦૬/૨૦૨૨ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૧૬/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૪ | ૪,3૧,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

# પાસા હેઠળ અટકાયત

## નરોડા પોલીસ સ્ટેશન

## આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૪૮૮/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૮૪, ૩૮૮, ૩૮૯, ૧૨૦ (બી), ૫૦૬(૧) તથા આઇ.ટી. એકટ કલમ ૬૬(ઇ), ૬૭ મુજબના ગુનાના કામના આરોપીઓ વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના (૧) ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૩૦/૨૦૨૨ તા-૨૨/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે આરોપણ બેન અંજલી પ્રકાશભાઇ ત્રીવેદી ઉ.વ.૨૮ રહે: ગામ:ધમીજ તા.દહેગામ જી.ગાંધીનગર તથા (૨) ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૩૧/૨૦૨૨ તા-૨૨/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે આરોપી શાબાજહુસેન ઇકબાલહુસેન સિપાઇ ઉ.વ.૨૭ રહે: ગામ: બહીયલ ખાડામાં, બહિયલ તા.દહેગામ, જી.ગાંધીનગર તથા (૩) ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૩૨/૨૦૨૨ તા-૨૨/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે આરોપી ઇકરામઅલી બરકતઅલી સૈયદ ઉ.વ.૩૦ રહે: ગામ બહિયલ મદની ચોક તા. દહેગામ, જી.ગાંધીનગર થી આરોપીઓ વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય જે ઉપરોકત આરોપીઓને તા-૨૨/૦૬/૨૦૨૨ ના રોજ પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૨૨/૦૬/૨૦૨૨

### આરોપીઓના નામ -

"(૧) અંજલી પ્રકાશભાઇ ત્રીવેદી ઉ.વ.૨૮ રહે: ગામ:ધમીજ તા.દહેગામ જી.ગાંધીનગર
(૨) શાબાજહુસેન ઇકબાલહુસેન સિપાઇ ઉ.વ.૨૭ રહે: ગામ: બહીયલ ખાડામાં, બહિયલ તા.દહેગામ, જી.ગાંધીનગર (૩) ઇકરામઅલી બરકતઅલી સૈયદ ઉ.વ.૩૦ રહે: ગામ બહિયલ મદની ચોક તા. દહેગામ, જી.ગાંધીનગર

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા શી ટીમના માણસો તથા પી.આઇ.પર્સનલના એ.એસ.આઇ. યોગેશકુમાર સેમ્યુઅલભાઇ બ.નં.૧૩૬૪૪ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો.જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૧૭/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર દેશી દારૂ, ૨૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૧૮/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૧૯/૨૦૨૨

**ઈસનપુરઃ** જયેશભાઇ કાળુભાઇ ગળીયેલ (ઉ.વ.૫૧) (રહે. વિનસપાર્ક લેન્ડ ફલેટ વેજલપુર બસ સ્ટેન્ડ પાસે વેજલપુર) એ તા.૨૨/૦૬/૨૦૨૨ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૧૮ થી તા.૦૨/૦૮/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન પેન્થર સિક્યુરીટી એન્ડ પ્રાઇવેટ ઇન્વેસ્ટીગેશન ડાયરેક્ટર/પ્રોપરાઇટર રમાકાંત ચતુર્વેદી તથા પાયોનીયર સિક્યુરીટી એન્ડ એલાઇડ સર્વીસ પ્રા.લી.ના ડાયરેક્ટર/પ્રોપરાઇટર રમાકાંત ચેત્રમ ચતુર્વેદી તથા શ્યામા રમાકાંત એ ભેગા મળી ૪૦૨, શિવદીપ એવેન્યુ મોની હોટલ સામે ઇસનપુર ખાતે પોતાની કંપની ચલાવી કંપની કર્મચારીને કામ ઉપર રાખી કર્મચારીઓના કર્મચારી ભવિષ્યનિધી સંગઠનમા ઈ.પી.એફ ખાતા ખોલી કર્મચારીના ઈ.પી.એફ. ખાતામા જમા થતા કુલ રૂપિયા ૧,૫૮,૪૩૯/- ઈ.પી.એફ ખાતા ધારક સિવાય અન્ય વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરાવી કર્મચારી ભવિષ્યનિધી સગંઠનના ઈ.પી.એફ ખાતા ધારક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.જાડેજા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૨૦/૨૦૨૨

**કૃષ્ણનગરઃ** પંકજભાઈ ગોપાલભાઈ શર્મા (રહે. ઓમકાર ડુપ્લેક્ષ એન્ડ ટેનામેન્ટ સેન્ટમેરી સ્કુલ સામે નરોડા) એ તા.૨૨/૦૬/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૨ કલાક ૮/00 થી તા.૨૨/૦૬/૨૦૨૨ કલાક ૧૦/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટનું તાળુ તોડી કબાટમાંથી સોનાના દાગીના, કાંડા ઘડીયાળ નંગ-૨, એલેક્ષા ઇકો ડોટ સ્પીકર અને રોકડ રૂપિયા ૨૫,000/- મળી કુલ રૂપિયા ૧,૧૩,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

**ભુલથી એસીડ લેતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૧૨૧/૨૦૨૨**

**ઓઢવઃ** ગોવિંદભાઇ શિવરામભાઇ (ઉ.વ.૫૫) (રહે.લક્ષ્મીનગર ભવાનીનગર ટેકરો ઓઢવ) એ તા.૨૨/૦૬/૨૦૨૨ રાતના સમયે તરસ લાગતા ઉંઘમાંથી જાગી પાણી પીવા જતા ભુલથી પાણીની બોટલ સમજી એસીડની બોટલમાંથી એસીડ પી લેતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૧૨૨/૨૦૨૨**

**ખોખરાઃ** કસ્તુરબહેન હસમુખભાઇ વોરા (ઉ.વ.૫૫) (રહે. પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ દક્ષિણી અંડરબીજ પાસે મણીનગર) તા.૨૨/૦૬/૨૦૨૨ કલાક ૬/૩૦ વાગ્યા પહેલા રેલ્વે પોલ નંબર-૪૯૧/૦૭ થી ૪૯૧/૦૫ વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.ડી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૩/૨૦૨૨**

**બાપુનગરઃ** ભરતભાઇ પોપટભાઇ ઠુમ્મર (ઉ.વ.૬૨) (રહે. કૃષ્ણનગર સોસાયટી ઈન્ડીયા કોલોની બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૬/૨૦૨૨ કલાક ૩/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર ઓલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આઇ.રબારી ચલાવે છે.

**ઓઢવઃ** રાજેન્દ્ર ઉર્ફે રાજુ દેવચંદભાઇ પરમાર (ઉ.વ.૩૨) (રહે. ઇશ્વરભાઇની ચાલી રબારી વસાહત ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૬/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૨૨/૦૬/૨૦૨૨ સવારના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ ઓલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણસિંહ જગતસિંહ ચલાવે છે.

**વટવાઃ** રમેશજી બેચરજી ઠાકોર (ઉ.વ.૪૦) (રહે. મોટો ઠાકોરવાસ જોગણી માતાના મંદિર પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૬/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના પતરાની લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા ઓલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.બારીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી